# કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકા વધારો

## ૪૮ લાખ કેન્દ્રીય કર્મચારી અને ૬૫ લાખ પેન્શનધારકોના મોંઘવારી ભથ્થામાં વધારો કરાયો : સરકાર પર ૧૪૫૯૫ કરોડનો બોજ આવશે : હોળીની ભેંટ

નવીદિલ્હી, તા. ૧૩

હોળીના તહેવારની ઉજવણી પૂર્ણ થયા બાદ મોદી સરકારે સરકરી નોકરી કરનાર કર્મચારીઓને આજે મોટી રાહત આપી હતી. તેમના પગાર અને મોંઘવારી ભથ્થામાં જોરદારરીતે વધારો કરવામાં આવ્યો છે. માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે આજે પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું હતું કે, સરકારે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્ર સરકારે તમામ કેન્દ્રીય કર્મચારી અને પેન્શનધારકોના મોંઘવારી ભથ્થામા ચાર ટકાનો વધારો કરી દીધો છે. ૪૮ લાખ કેન્દ્રીય કર્મચારીઓના મોઘવારી ભથ્થા પહેલી જાન્યુઆરી ૨૦૨૦ સુધી ચાર ટકા વધારી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત ૬૫ લાખ પેન્શનધારકોના મોંઘવારી ભથ્થામાં વધારો કરવામાં આવ્યો છે. મોંઘવારી ભથ્થામાં વધરો કરવમાં આવ્યા બાદ એક કરોડ ૧૩ લાખ પરિવારોને સીધીરીતે ફાયદો થશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં તમામ પાસા પર ચર્ચા થઈ હતી. મોદી સરકારે પહેલી જાન્યુઆરી ૨૦૧૬ના દિવસે સાતમાં વેતન પંચને લાગૂ કર્યા બાદ કેન્દ્રીય કર્મચારીઓના વેતનમાં સારો વધારો થયો છે. હજુ સુધી મોંઘવારી ભથ્થામાં ૧૭ ટકાનો વધારો થયો છે જેને વધારીને ૨૧ ટકા કરાયો છે. મોંઘવારી ભથ્થામાં વધારો કરાયા બાદ કેન્દ્ર સરકાર પર ૧૪૫૯૫ કરોડ રૂપિયાનો બોજ પડશે. સરકારે કોપરેલના લઘુત્તમ સમર્થન મુલ્યમાં ૪૩૯ રૂપિયાનો પ્રતિક્વિન્ટલ વધારો કર્યો છે. આની મુખ્ય ખેતી તમિળનાડુ, કેરળ, આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં થાય છે. નિચલા સ્તરના કોપરેલના દર ૯૫૦૦ રૂપિયા પ્રતિક્વિન્ટલ છે તેમાં ૪૩૯ રૂપિયાનો વધારો કરાયો છે. આની સથે જ એમએસપી પ્રતિક્વિન્ટલ ૯૯૬૦ રૂપિયા થયો છે. કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં અન્ય કેટલાક નિર્ણયો પણ લેવામાં આવ્યા હતા જેના ભાગરુપે કારોબાર સરળરીતે આગળ વધે તેનો હેતુ રહેલો છે. દેશભરમાં જુદા જુદા વિષયને લઈને હાલમાં ચર્ચા છેડાયેલી છે ત્યારે હોળી બાદ કેન્દ્રીય કર્મચારીઓને ખુશ કરીને મોદી સરકારે મોંઘવારી ભથ્થામાં ચાર ટકાનો વધારો કરી દીધો છે. કેન્દ્રીય કર્મચારીઓના પગાર પહેલાથી જ ખુબ ઉંચા રહેલા છે અને તેમના ભથ્થામાં વધુ વધારો થતાં વધારે લાભ મળશે તેવી રજૂઆત જુદા જુદા સંગઠનો તરફથી કરાઈ રહી છે. આવી રજૂઆત વચ્ચે ફરી વધારો ઝીંકી દેવામાં આવ્યો છે.

## ડીસા તાલુકાના બુરાલ નજીક અકસ્માતમાં ખીમત શાળાના શિક્ષકના મોતથી અરેરાટી

જિલ્લા માં સતત માર્ગ અકસ્માત ની ઘટનાઓ માં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે જેના પગલે અનેક આશાસ્પદ જિંદગી ઓ અકાળે મોટ ને ભેટી રહી છે ત્યારે ગુરુવારે બુરાલ ગામ નજીક માર્ગ અકસ્માતમાં ખીમત પ્રાથમિક શાળાના શિક્ષકનું સારવાર દરમ્યાન કમકમાટીભર્યું મોત નિપજતા અરેરાટી વ્યાપી જેવા પામી છે. આ અંગે ડીસા તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

દાંતીવાડા તાલુકાના લાખણાસર ગામના અને ધાનેરા તાલુકાની ખીમત પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતાં અને રબારી સમાજના આશાસ્પદ યુવાન પ્રકાશભાઈ લીલાભાઈ લોઢા ગુરૂવારે સવારે દસેક વાગ્યાના સુમારે જીજે-૦૮-બીપી- ૭૩૩૩ નંબરના બુલેટ



ઉપર ફરજ પર જઈ રહ્યાં હતાં. જે દરમ્યાન ડીસાના બુરાલ ગામ નજીક જીજે-૫-સીબી- ૧૦૮૭ નંબરની મારૂતિ કારના ચાલકે મોટર સાયકલને ટકકર મારતાં શિક્ષક પ્રકાશભાઈ રોડ ઉપર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેઓને તાત્કાલીક ડીસા બાદ વધુ સારવાર માટે મહેસાણા લઈ જવામાં આવ્યાં હતાં. જો કે શુક્રવારે સારવાર દરમ્યાન તેઓનું કરૂણ મોત નિપજતાં મિત્ર વતૃળ સહિત રબારી સમાજમાં ઘેરા શોકની કાલીમા છવાઈ જવા પામી છે. અકસ્માતની જાણ થતા જ ડીસા તાલુકા પોલીસ હસ્તકની ઝેરડા આઉટ પોસ્ટના હે.કો. દેવાભાઈ દેસાઈએ ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી છે.

## શિહોરીની મોડલ શાળામાંથી ધો-૧૦ની પરીક્ષામાં ડમી વિદ્યાર્થી ઝડપાયો

કાંકરેજ તાલુકાના શિહોરીની મોડલ સ્કુલ રતનપુરાથી ડમી વિદ્યાર્થી ઝડપાયો હતો. અતુંબિયા ભરતજીની જગ્યાએ ભારમલજી ઠાકોર આપતો પરીક્ષા હતો ધોરણ ૧૦ના સામાજિક વિજ્ઞાન પેપરમાં ડમી તરીકે પરીક્ષા આપતો ઝડપાયો હતો.

સુપર વાઈઝર દ્વારા ચેકીંગ દરમ્યાન ડમી વિદ્યાર્થી ઝડપાયો હતો અગાઉ પણ બનાસકાંઠામાં વિદ્યાર્થીઓ ડમી તરીકે પરીક્ષા આપતાં ઝડપાયા હતા ત્યારે ડમી તરીકે પરીક્ષા તો વિદ્યાર્થીને સુપરવાઈઝર ઝડપી લઈને કાર્યવાહી હાથ ધરી હતી શિક્ષણ વિભાગ દ્વારા તપાસ હાથ ધરાઈ હતી

## ડીસામાં દ્વિચક્રી વાહનો ઉપર દારૂની ખુલ્લેઆમ હોમ ડીલીવરી

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં દેશી અને વિદેશી દારૂનું ધૂમ પ્રમાણમાં વેચાણ થાય છે જેમાં વિદેશી દારૂની તો ખુલ્લેઆમ હોમ ડિલિવરી કરતા બુટલેગર બેફામ બન્યા છે માત્ર એક મોબાઈલ ફોનથી ઘરે બેઠા દારૂની હોમ ડિલિવરી આપવામાં આવે છે.

બાઈક અને એક્ટિવા ઉપર સરળતાથી વિદેશી દારૂની હેરા ફેરી કરતા અનેક ઈસમો પોલીસની રહેમ નજર તળે બેફિકર બની વિદેશી દારૂનો મોટા પાયે વેપલો કરી રહ્યા હોવાની અનેક ફરિયાદો ઉઠવા છતાં પોલીસ આ બુટલેગરો વિરુદ્ધ કોઈ જ પગલાં ભરતી નથી જેના કારણે બેફામ બનેલા બુટલેગરોને જાણે કોઈનોય ભય ન હોય તેમ પોતાના બાઈક કે એક્ટિવા ઉપર માત્ર પ્લાસ્ટિકની બેગમાં દારૂની બોટલો જાહેરમાં રાખી ડિલિવરી આપી રહ્યા છે આટલુ ઓછું હોય તેમ ડીસામાં સાંજના સુમારે અનેક સરકરી કચેરીઓમાં પણ આ બુટલેગરો દારૂની ડિલિવરી આપતા હોવાની ચર્ચાઓ આમ પ્રજામાં ચાલી રહી છે ત્યારે આ બાબતે જિલ્લા પોલીસ વડા આવા આવા તત્વોને કાયદાનું ભાન કરાવે તે જરૂરી બની ગયું છે.

## પાલનપુર નગરપાલિકાનો વ્યવસાય વેરો ન ભરનાર ૩૦૦ રીઢા બાકીદારોને નોટીસ અપાઈ

### પાલનપુર નગરપાલિકા દ્વારા બાકીદારોની મિલકત સિલ કરી બેંક એકાઉન્ટ ટાંચમાં લેવાશે

પાલનપુર

પાલનપુર નગરપાલિકા દ્વારા ૩૦૦ રિઢા વ્યવસાય વેરા બાકીદારોને નોટીસ ફટકારી મલકત સિલ કરી બેંકના એકાઉન્ટ ટાંચમાં લેવામાં આવશે.જેના પગલે બાકીદારોમાં ફફડાટ પ્રસરી ગયો છે.

બનાસકાંઠાના પાલનપુર શહેરમાં ૮ હજાર ઉપરાંતના વ્યવસાય વેરા ધારકો છે.જેમાંથી ૩૦૦ જેટલા રીઢા બાકીદારો દ્વારા વ્યવસાય વેરો ભરવામાં આવતો નથી જેના પગલે પાલિકાના વ્યવસાય વેરા સાખા દ્વારા નોટિસ પાઠવવામાં આવી છે.જેના પગલે વ્યવસાય વેરા બાકીદારોમાં ફફડાટ પ્રસરી ગયો છે.આ અંગે વ્યવસાય વેરા અધિકારીએ જણાવ્યુ હતુ કે પાલનપુર નગર પાલિકા વિસ્તારમાં વ્યવસાય કરતા હોય અને પાલિકામાં વ્યવસાય વેરો ન ભરતા હોય તેવા ૩૦૦ રીઢા બાકીદારોને નોટીસ આપી વેરો ભરવા તાકીદ કરાઈ છે.તેમ છતા વેરો ભરપાઈ કરવામાં નહી આવે તો પાલિકા દ્વારા ગુજરાત રાજ્ય વ્યવસાય વ્યાપાર ધંધા રોજગાર વેરા અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૧ હેઠળ મળેળ સત્તાની રૂહે વ્યવસાય વેરાના સ્થળ વાળી મિલ્કતો અને સામાન સહિતને સિલ કરી બેંક એકાઉ ટાંચમાં લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## પાલનપુરમાં બાળકી ઉપર થયેલ દુષ્કર્મના આરોપીઓને ઝડપી લેવા કરાઈ રજુઆત

પાલનપુરમાં રેલ્વે સ્ટેશન વિસ્તારમાં ૪ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરનાર નરાધમે બાળકી ઉપર દુષ્કર્મ આચર્યુ હતુ.ત્યારબાદ ગંભીર લેવામાં નિષ્ફળ નીવડી છે.જેના પગલે મુસ્લીમ સમાજ બનાસકાંઠા



નરાધમ હજુ સુધી પોલીસ પક્કડથી ફરાર છે.જેના આરોપીને ઝડપી લેવા મુસ્લીમ સમાજ દ્વારા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતુ.

બનાસકાંઠાના પાલનપુર રેલ્વે સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં એક ૪ વર્ષની બાળકી પર કોઈ હાલતમાં સારવાર માટે અમદાવાદ ખસેડાઈ છે.જેના પગલે પોલીસે બાળકીની માતાની ફરીયાદના આધારે પોલીસની જુદી-જુદી ટીમો બનાવી આરોપીઓ ઝડપી લેવાની કવાયત હાથ ધરી છે.પરંતુ આજદીન સુધી પોલીસ આરોપીને ઝડપી જમીયત ઉલમા દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી આરોપીને ઝડપી લેવા રજુઆત કરવામાં આવી હતી.તેમજ ઘટનાથી બાળકીની માતાની માનસીક સમતોલા સારી ન હોવાથી તેને સહાય કરવામાં આવે તેવી માંગ કરી હતી.

## પાલનપુરમાં મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલાયો

પાલનપુર શહેરમાંથી મોબાઈલની દૂકાનમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે.જેમાં બે શખ્સોની અટકાયત કરી અંદાજીત ૨૨ મોબાઈલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જેના પગલે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકના પીઆઈ આર. કે. સોલંકી સ્ટાફના જોરાવરસિંહ, ચંદ્રકાંત, વનરાજસિંહ, યોગેશદાન, નથુભાઈ, સહોરતખાન સહીતના સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા.તે સમયે બે સંકાસ્પદ શખ્સો મળી આવ્યા હતા.જેની તપાસ કરતા તેમના ચેહેરા મોબાઈલ ચોરીના ગુનાના સીસીટીવી ફુટેજ સાથે મેચ થતા તેમની આકરી પુછપરછ હાથ ધરવામાં આવતા આખરે ભાગી પડ્યા હતા.અને ચોરીની કબુલાત કરવામાં આવી હતી.જેથી પોલીસે ગુનામાં વપરાયેલ મોટર સાયકલ તેમજ ૨૨ ઉપરાંતના મોબાઈલ અને લેપટોપ કબજે કરી કાયદેસરીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જેના પગલે અન્ય ગુનેગારોમાં ફફડાટ પ્રસરી ગયો છે.



શહેરમાં હોળી-ધુળેટીનું પર્વ સૌ કોઈએ પોતપોતાની આગવી મોજ-મસ્તીથી ઉજવ્યુ હતુ. આ પર્વ નિમિત્તે શહેરની ''સ્મિત મ્યુઝિક ક્લબ'' દ્વારા તેમના ગૃપ ફેમિલી માટે ''હોલી ભર દે ઝોલી ઉમંગ સે'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગીત-સંગીત, અંતાક્ષરી, ગેઈમ્સ, રંગ-તિલક હોળી વગેરેની મસ્તીથી ઉજવણી કરવામાં આવી હતી અને કાર્યક્રમના સમાપને સૌએ સમૂહ ભોજનનો આનંદ પણ માણ્યો હતો.

### હાહાકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કારણે લંબાવવામાં આવી છે. જો કે બીજા દેશોની જેમ ભારતમાં કોરોનાથી હાહાકાર મચ્યો નથી. પણ એક પછી એક રાજ્યો સાવચેતીના જે પગલાં લઈ રહી છે તેનાથી સ્થિતિ નિયંત્રણમાં હોય તેમ જણાઈ રહ્યું છે.

સૂત્રોએ જણાવ્યું કે ભારતમાં આઈપીએલની મેચો ક્રિકેટ બિઝનેસની રીતે મહત્વની ગણાય છે. જો કે કોરોનાની બીકે તેની કારીખ ૨૯ માર્ચ બદલીને ૧૫ એપ્રિલ કરવામાં આવી છે. એ આશાએ કે ત્યાં સુધીમાં કોરોનાનો કોહરામ શાંત પડી ગયો હોય.

બીજા રાજ્યોના નિર્ણયો પર નજર નાંખીએ તો છત્તીસગઢમાં ૩૧ માર્ચ સુધી શાળા કોલેજ બંધ રાખવાની જાહેરાત થઈ છે.

એ જ રીતે યુપી સરકારે પણ સમગ્ર રાજ્યમાં ૨૨ માર્ચ સુધી શાળા કોલેજ બંધ રાખવાની જાહેરાત કરીને મોટા સમૂહને એક સ્થળે એકત્ર થવા પર નિયંત્રણ મૂકવાનો પ્રયાસ કર્યો છે.ઁસ્ મોદીએ પણ વિદેશ પ્રવાસો મુલ્તવી રાખીને કહ્યું છે કે,આગામી દિવસોમાં કોઈ કેન્દ્રીય મંત્રી વિદેશ પ્રવાસ નહીં કરે.

દિલ્હીની કેજરીવાલ સરકારે કોરોનાથી લોકોને બચાવવા દિલ્હીના તમામ સિનેમાઘરોને ૩૧ માર્ચ સુધી બંધ રાખવાનો આદેશ કર્યો છે. આ ઉપરાંત જે સ્કૂલોમાં પરીક્ષા પૂરી થઈ ગઈ છે તેને પણ ૩૧ માર્ચ સુધી બંધ રાખવાનો આદેશ કર્યો છે. તો હવે આપીએલની મેચો દિલ્હીમાં નહીં રમવા દેવાય તેવી જાહેરાતની સાથે અન્ય રમતગમતની મેચો પણ દિલ્હીમાં રદ્દ કરવામાં આવી છે. હરિયાણા પછી કોરોનાને મહામારી જાહેર કરનાર દિલ્હી બીજુ રાજ્ય છે.

મહારાષ્ટ્રના આરોગ્ય મંત્રીના હવાલાથી રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૪ હોવાની માહિતી આપવામાં આવી છે. ગુરુવારે મળેલા પૂણેમાં સંક્રમિત દર્દી તાજેતરમાં જ અમેરિકાથી પાછો આવ્યો હતો. તેના સહિત માત્ર માત્ર પૂણેમાં અત્યાર સુધી ૯ લોકોમાં સંક્રમણની પુષ્ટી થઈ ચુકી છે. દેશમાં કોરોના વાઈરસના અત્યાર સુધી ૭૭ કેસ સામે આવી ચુક્યા છે. કર્ણાટકમાં વાઈરસના કારણે એક ૭૫ વર્ષીય વૃદ્ધનું મોત થયું છે. આ સાથે જ ઈરાનમાં ફસાયેલા ૧૨૦ ભારતીયોને એર ઈન્ડિયાના વિમાન દ્વારા ભારત લાવવામાં આવ્યાં છે. કેરળમાં પણ કોરોના કેસો જોવા મળ્યા છે.

### સુઓમોટો દાખલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સમજ આપે તેવો આદેશ. કોર્ટ પરિસરમાં સ્વચ્છતા અને કોર્ટ કંપાઉન્ડ તેમજ ફ્લોર જંતુમુકત રાખવા માટે જરૂરી કાર્યવાહીના આદેશ. રાજ્યભરમાં જાહેર સભાઓ કે પબ્લિક ગેધરિંગ અતિ આવશ્યક ન હોય ત્યાં સુધી ટાળવું. પાર્ટી ઈન પર્સનની રુએ હાજર થતાં વ્યક્તિ કોર્ટમાં હાજર નહીં હોય તો તેમની સામે નકારાત્મક હુકમ નહીં કરાય.

રાજ્ય સરકાર સહિતના તમામ પક્ષકારોને નોટિસ ઈશ્યૂ કરવાની સાથે એક અઠવાડિયામાં જવાબ રજૂ કરવા માટે અને એકશન ટેકન રિપોર્ટ રજૂ કરવા માટે કોર્ટે કર્યો આદેશ. હસ્ત ધનૂનના બદલે નમસ્તેનો આગ્રહ રાખવા કોર્ટે હુકમ કર્યો.

### હાલ મોકૂફ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેવા અંગે કેન્દ્ર સરકારના જાહેરનામાંને પગલે વડાપ્રધાનનો કાર્યક્રમ હાલ મોકૂફ કરાયાની આરોગ્યમંત્રી નીતિન પટેલે આજે ગૃહમાં જાહેરાત કરી હતી. વડાપ્રધાન મોદીની મુલાકાતની નવી તારીખો હવે પછી જાહેર કરાશે. સમગ્ર દેશમાં કોરોના વાયરસનો કહેર યથાવત રહ્યો છે. બીજીતરફ ગુજરાતમાં આ વાઈરસના સંક્રમણની દહેશતને પગલે સરકારે આગોતરા આયોજનો કર્યા છે. કોરોના ઈફેકટથી લોકોને બચાવવા માટે ભારત સરકાર દ્વારા પણ નવી માર્ગદર્શિકા અને રૂપરેખા જાહેર કરવામાં આવી છે. જેના પગલે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તાત્કાલિક આરોગ્ય ઉચ્ચ અધિકારીઓ અને મુખ્ય સચિવ સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં ગુજરાતની હાલની સ્થિતિની સમીક્ષા કરાઈ હતી. આ અંગે આરોગ્ય મંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, કોરોના વાઈરસના પગલે ભારત સરકારે નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. આ મુજબ જાહેર કાર્યક્રમો, સેમીનાર, મીટીંગ અને મેળાવડા ના થાય તેનું ધ્યાન રાખવા ગુજરાત સરકારને તાકીદ કરાઈ છે. ભારત સરકારની ગાઈડલાઈન મુજબ આરોગ્ય તંત્ર કામ કરશે તેવી સ્પષ્ટતા કરતા તેમણે જણાવ્યું કે, સર્વેલન્સ સહિત એરપોર્ટ ઉપર સઘન ચેકીંગ અને તપાસ પણ ચાલુ છે. એટલું જ નહીં.

### રેકોર્ડ રિકવરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુધરીને ૧૦૦૨૩ની સપાટીએ રહ્યો હતો. એચડીએફસી જેવા ઈન્ડેક્સ હેવીવેઈટમાં રિકવરીના લીધે સુધારો થયો હતો તેમાં ૧૦ ટકાનો ઉછાળો રહ્યો હતો જ્યારે એસબીઆઈના શેરમાં ૧૪ ટકાનો તથ રિલાયન્સમાં પાંચ ટકાનો ઉછાળો આવ્યો હતો. સેંસેક્સના ૩૦ શેર પૈકી ૨૭ શેરમાં સુધારો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં પણ રિકવરી રહી હતી. જો કે, સાપ્તાહિક આધાર પર સેંસેક્સમાં એક દશકનો સૌથી વધુ ૧૧.૩૫ ટકાનો ઘટાડો થયો છે. નિફ્ટીમાં આ સપ્તાહમાં ૧૧.૬ ટકાનો ઘટાડો થયો છે. અગાઉ ગુરૂવારના દિવસે લોઅર સર્કિટ લાગતા સહેજમાં રહી ગયા બાદ આજે શુક્રવારના દિવસે સવારમાં લોઅર સર્કિટ લાગુ કરવાની ફરજ પડી હતી. ગઈકાલે ગુરૂવારના દિવસે બજાર વારંવાર ૧૦ ટકાના ઘટાડાની નજીક પહોંચ્યા બાદ પણ સ્થિતી વારંવાર સુધરી હતી. ગુરૂવારના દિવસે નિફ્ટી જુલાઈ ૨૦૧૭ બાદ પ્રથમ વખત ૯૬૦૦ના સ્તરની નીચે પહોંચી જતા ચિંતાનુ મોજુ ફરી વળ્યુ હતુ. જો કે આજે સવારે તો કારોબાર શરૂ થતાની સાથે જ મિનિટોના જ ૧૦ ટકાથી વધારેનો ઘટાડો થતા નિફ્ટીમાં એક કલાક માટે કારોબાર બંધ કરવાની ફરજ પડી હતી. ૪૫ મિનિટ સુધી નિફ્ટી બંધ રહ્યા બાદ ફરી કારોબારની શરૂઆત થઈ હતી. ત્યારબાદ સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં રિકવરી નોંધાઈ હતી. સેંસેક્સની વાત કરવામાં આવે તો ગુરૂવારના દિવસે આશરે ૧૨ વર્ષનો સૌથી મોટો ઘટાડો થયા બાદ આજ સવારમાં સ્થિતીમાં કોઈ સુધારો થયો ન હતો. ગુરૂવારના દિવસે સેંસેક્સમાં લોઅર સર્કિટ ન લાગતા રોકાણકારોએ રાહતનો દમ લીધો હતો પરંતુ આજે સવારમાં સેંસેક્સમાં ૯.૪૩ ટકાનો ઘટાડો થયા બાદ લોઅર સર્કિટ લાગુ કરવાની ફરજ ડી હતી. આની સાથે જ કારોબાર ૪૫ મિનિટ સુધી બંધ કરી દેવાની ફરજ પડી હતી. જે પૂર્ણ સમય થયા બાદ ફરી ખોલવામાં આવ્યા બાદ કારોબારીઓની નજર રહી હતી અને શેરબજારમાં

કારોબાર ફરી શરૂ થયા બાદ રેકોર્ડ રિકવરી નોધાઈ હતી. શેરબજારના ઈતિહાસમાં માત્ર ચાર વખત આવુ બન્યુ છે જ્યારે સેંસેક્સમાં લોઅર સર્કિટ લાગ્યા બાદ કારોબારને બંધ કરવાની ફરજ પડી છે. કારોબારની શરૂઆત થતાની સાથે જ સેંસેક્સમાં ૩૪૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો થઈ ગયો હતો. આની સાથે જ સેંસેક્સ ૨૯૬૯૦ની નીચી સપાટી પર પહોંચી ગયો હતો. સવારમાં કોટક મહિન્દ્રા, ટીસીએસમાં ૧૪ ટકાથી વધુનો ઘટાડો થયો હતો. રિલાયન્સના શેરમાં ૧૦ ટકાનો ઘટાડો થયો હતો. શેરબજારમાં હાલમાં કોરોના વાયરસની દહેશત વચ્ચે હાહાકાર જારી છે. શેરબજાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ જતા કારોબારી હચમચી ઉઠ્યા હતા.

ગુરૂવારની વાત કરવામાં આવે તો કારોબારના અંતે બીએસઈ સેન્સેક્સ હજુ સુધીના ઈતિહસમાં સૌથી વધુ એક દિવસમાં ઘટીને નીચી સપાટીએ પહોંચ્યો હતો. સેન્સેક્સ ૨૯૧૯ પોઈન્ટ સુધી ઘટીને ૩૨૭૭૮ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. સેંસેક્સમાં સોમવારે કારોબારના અંતે સેંસેક્સ ૧૯૪૨ પોઈન્ટ ઘટીને ૩૫૬૩૫ની નીચી સપાટીએ રહ્યો હતો. સેંસેક્સ ગયા શુક્રવારના દિવસે ૮૯૪ પોઈન્ટ ઘટીને ૩૭૫૭૭ની નીચી સપાટીએ રહ્યો હતો. વૈશ્વિક શેરબજારોમાં પણ અફડાતફડી રહી હતી. કોરોના વાયરસની દહેશત દિનપ્રતિદિન વધી રહી છે જેથી કારોબારીઓ ભારે દહેશતમાં છે. તે પહેલાના શુક્રવારના દિવસે શેરબજારમાં સેંસેક્સે તેના ઈતિહાસમાં બીજો સૌથી મોટો ઘટાડો કર્યો હતો. એ દિવસે સેંસેક્સમાં ૧૪૪૮ પોઈન્ટનો ઘટાડો થયો હતા. વિદેશી રોકાણકારો હાલમાં વેચવાલીના મુડમાં દેખાઈ રહ્યા છે.

### પાંચ ઉમેદવારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લીધી પરંતુ તેમના માટે જીતવું કઠીન છે. કોંગ્રેસ પાસે વિધાનસભામાં ૭૩ સભ્યો છે. કોંગ્રેસને એક મત અપક્ષ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીનો મળી શકે છે. બીટીપીના ત્રણ મતો ક્યાં જાય છે તે હાલ નક્કી નથી. આ સંજોગોમાં જો ભાજપ કોંગ્રેસમાંથી ત્રણ-ચાર મતો માટે ક્રોસવોટીંગ કરાવે તો કોંગ્રેસ પાસે ૭૧ મતો રહે જેમાં એકડાના જોરે ૩૭ મતોથી શક્તિસિંહ ગોહિલ ચૂંટણી જીતી જાય પરંતુ બીજા સભ્ય માટે બગડાના મતો ગણવામાં આવે. કોંગ્રેસ પાસે બીજા સભ્ય માટે ૩૪ મતો બચી શકે તેમ છે. બીજી તરફ ભાજપના ૩૫ બગડા હોવાથી ભાજપના સભ્ય ચૂંટાઈ આવે.

વિધાનસભામાં સંખ્યાબળ જોઈએ તો ભાજપ પાસે ૧૦૩ સભ્યો છે. ભાજપને ત્રીજી બેઠક જીતવી હોય તો ૧૧૧ મતોની આવશ્યકતા રહે છે. ભાજપ બીટીપીના બે અને એનસીપીનો એક મત મેળવે તો ભાજપને પાંચ મતોની જરૂરિયાત રહે છે. જો કે બગડાના ગણિતના કારણે ભાજપને કોંગ્રેસના ત્રણ મતો મેનેજ કરવાની જરૂરિયાત પડે તેમ છે. બગડાના ગણિત પ્રમાણે કોંગ્રેસને ૩૪ મત મળે તેમ છે.

૨૦૧૭માં રાજ્યસભાની ચૂંટણીમાં જ્યારે અહમત પટેલ ઉભા હતા ત્યારે તેમને હરાવવા માટે ભાજપે શંકરસિંહ વાઘેલાના હાથો બનાવીને કોંગ્રેસના ધારાસભ્યો પાસે ક્રોસવોટીંગ કરાવ્યું હતું. એ વખતે પણ ભાજપે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને બળવાખોર નેતા બલવંતસિંહ રાજપૂતને મેદાનમાં ઉતાર્યા હતા પરંતુ હાલના બીટીપીના ધારાસભ્ય અને તે સમયે જેડીયુના ધારાસભ્ય છોટુ વસાવાએ ભાજપની બાજી ઊંધી વાળી દીધી હતી અને પોતાના મિત્ર અહમદ પટેલને જીતાડી દીધા હતા.

### લઘુત્તમ વેતન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાકી રહી ગયા છે તેમને વર્ષ-૨૦૨૨ સુધીમાં આવરી લઈને લાભો આપવાની પ્રતિબદ્ધતા છે. વિધાનસભા ખાતે ધ્રોલ-જોડિયા અને કાલાવડ તાલુકામાં બીપીએલ યાદીમાં સમાવેશની મળેલી અરજીઓના પ્રત્યુત્તરમાં મંત્રી આરસી ફળદુ એ કહ્યું કે બીપીએલની યાદી તૈયાર કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ૧૩ પેરામીટર્સની યાદી મુજબ પસંદગી થાય છે. ગરીબોને આર્થિક રીતે સદ્ધર કરવા અમારી સરકાર પ્રતિબદ્ધ છે. રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સંવેદના દાખવીને રાજ્યનો એક પણ ગરીબ પરિવાર બીપીએલની યાદીમાં રહી ન જાય તે માટે પેરામીટર્સની બહાર હોય તો પણ સામેથી શોધીને એક એક ગરીબને લાભ આપવા અમે તત્પર છીએ. તેમણે કહ્યું કે ગરીબ પરિવારોને ભૂતકાળમાં લઘુતમ વેતન ૧૫૦ અપાતું હતું એ વડાપ્રધાન મોદીએ આ વેતન વધારીને ૧૯૯ કર્યું છે એ અમારી સરકારની ગરીબો માટેની પ્રતિબધ્ધતા દર્શાવે છે.

### સોલાર સિસ્ટમ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૪૯૦૩ કરોડ મળી કુલ રૂપિયા ૫,૯૨૨ કરોડની ગ્રીન બજેટ જોગવાઈ કરાઈ છે. મંત્રી ચૂડાસમાએ ઉમેર્યું કે, આ વર્ષે પર્યાવરણની જાળવણી માટે નવા ત્રણ લાખ રહેણાંકના મકાનો પર સોલાર સિસ્ટમ લગાવવા માટે રૂપિયા ૯૧૨ કરોડની જોગવાઈ કરી છે. તેમજ આગામી વર્ષે બેટરી સંચાલિત દ્વિચક્રી વાહનો માટે સહાય હેઠળ ૧૦ હજાર વિદ્યાર્થીઓને આવરી લેવાશે તથા બેટરી સંચાલિત ઈ-રીક્ષા માટે રૂપિયા ૪૦ હજારની સહાય અપાશે અને ૮૦૦ લાભાર્થીઓને લાભાન્વિત કરાશે. આ ઈલેક્ટ્રોનિક વાહનોના ચાર્જિંગની વ્યવસ્થા માટે રાજ્યના શહેરોમાં ચાર્જિંગ પોઈન્ટ્સ પણ ઉભા કરાશે તથા બેટરી સંચાલિત તથા સૌર આધારિત ટ્રેક્ટરો ખરીદવા માટે ખેડૂતોને રૂપિયા બે લાખની સબસિડી સહાય પણ અપાશે.

તેમણે ઉમેર્યું કે, ક્લાઈમેટ ચેન્જ અંગે જનજાગૃતિ આવે તે આશયથી રાજ્યનો 'સ્ટેટ એક્શન પ્લાન ઓન ક્લાઈમેટ ચેન્જ' કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ આઈઆઈટી, ગાંધીનગર અને આઈઆઈએમ, અમદાવાદ દ્વારા તૈયાર કરાયો છે. આ વર્ષે પ્રતિ દિવસની ૨,૫૦,૦૦૦ લીટર કુલ ક્ષમતાના સૌર ઊર્જા આધારિત ગરમ પાણીના પ્લાન્ટ નિર્માણ કરાશે. રાજ્યની ગૌશાળા-પાંજરાપોળ ખાતે ૬૦ સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ નિર્માણ કરી કાર્યાન્વિત કરાશે. એ જ રીતે રાજ્યની ગ્રામ પંચાયતો, નગરપાલિકાઓ, મનપાઓ ખાતે ૨૦૦૦ નંગ સુધારેલ સ્મશાન ભઠ્ઠીઓ સ્થપાશે. તેમજ સરકારી શાળા-છાત્રાલયોમાં ૧૮,૫૦૦ નંગ એલઈડી ટ્યુબલાઈટ તથા ૧૮,૫૦૦ નંગ ઉર્જા કાર્યક્ષમ પંખા લગાવવાનું આયોજન છે. ચુડાસમાએ કહ્યું કે, રાજ્યમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે ૧૦,૪૦૦ મેગાવોટ ક્ષમતાના ઊર્જા મથકો કાર્યરત કરાયા છે. ૬૬હજાર રહેણાંકના મકાનો ઉપર ૨૪૩ મેગાવોટ સોલાર રુફટોપ સિસ્ટમ સાથે 'ગુજરાત' દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. પવિત્ર યાત્રાધામો, સરકારી છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓમાં ૧.૧૪ કરોડ લીટર પ્રતિ દિવસ ક્ષમતાની સોલાર વોટર હીટર સિસ્ટમ કાર્યરત કરાઈ છે. ૪ હજાર નંગ સુધારેલ સ્મશાન ભઠ્ઠી, સરકારી શાળા-છાત્રાલયોમાં એક લાખ એલઈડી, ટ્યુબલાઈટ, ૫૪ હજાર ઊર્જા કાર્યક્ષમ પંખા લગાડાયા છે.